સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સત્તા સ્વાર્થે, સિદ્ધાંત-લૂછણે પગ લૂછે છે!
બહુમત વિના મારે વટ, હાથ મૂછે છે!
ગૂંચે છે પ્રમાણિકતા - કરે વિશ્વાસઘાત -
મત મળ્યા પછી તો પ્રજાને કોણ પૂછે છે ?
(શિવસેના - પવાર - દાવર્પેચ)

હાઈકુ

કરે છે સોદા -
સત્તાના સોદાગરો -
પ્રજા મતના...

ઘૂસી જાય છે,
પાછલે મારણેથી -
સત્તાના ચાર...

ચિંતન

આકારૈરિંગિતૈર્ગત્યા ચેષ્ટયા ભાષિતેન વા ।
નેત્રવકત્રવિકારૈશ્ચ લક્ષ્યતેઽન્તર્ગતં મનઃ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

ચતુર વ્યક્તિઓને બીજાઓની મુખમુદ્રા, શરીરનાં અંગોના હલનચલન - ચેષ્ટાઓ, તેમનાં ભાષણો, વાતો તથા તેમની આંખો અને ચહેરા પર આવેલાં પરિવર્તન જોઈને તેમની ભાવિ યોજનાઓ તથા ગુપ્ત મનોભાવો વિશે ખ્યાલ આવી જાય છે.

માણસની વાણીની જ નહીં, વર્તનની ગુપ્તતાની પણ અગત્યતા સમજો. ચહેરાના હાવભાવ અને ચેષ્ટાઓ કે વઆણીનો આરોહ-અવરોધ સુધ્ધાં તમારી ગોપનીયતાનો છેદ ઉડાડી શકે છે. ઘણી વ્યક્તિઓ તમારી કલ્પના બહારની બુદ્ધિક્ષમતા ધરાવતી હોય છે. એમને પહોંચી વળવા તમારામાં એમની કલ્પના બહારની સાવધાની હોવી જોઈએ.

જેમ ઈશ્વરને બધી જ ખબર પડે તેમ બુદ્ધિશાળી વ્યક્તિની આંખ ચહેરાના, હાવભાવ-વાણી-વર્તન પરથી સામેની વ્યક્તિની બધી જ વાત જાણી-સમજી જ શકે છે.

સુવિચાર

- જીવન પથ્થર જેવું ન બનાવવું હોય તો જીવનમાં પથ્થર જેવું ધૈર્ય હોવું જોઈએ - **મોરારિ બાપુ**
- પુરુષાર્થના પાત્રમાં કૃપા નિવાસ કરે છે, પુરુષાર્થમાં અભ્યાસ હોય, પુરુષાર્થ સહજ હોય અને પુરુષાર્થ પ્રસન્નતાથી કરો - **એસ. ભટ્ટાચાર્ય**
- ચાર વશ કરવાની ચાર રીતો : ઉત્તમ પુરુષોને નમ્રતાથી, બળવાનને કૂટનીતિથી, નીચને લાલચ આપીને અને સમોવડિયાને પરાક્રમથી પરાક્રમથી - **જીવન પાથેય**
- તેજ રફતારનો ઘોડો ઠોકર ખાઈ બેસે છે, ઊંટ રાતદિવસ એકધારું ચાલતું રહે છે - **અરબી કહેવત**
- તમારા પુત્રને તમારે તેની કારકિર્દીમાં સિદ્ધિ મેળવનારો કરવો છે ? તો મરી જાઓ - **ઓલિવર જેમ્સ**
- લડાઈ પૂરી થયા પછી ઝાડ કાપીને લાકડી બનાવવી નિરર્થક છે - **જેન કથન**
- આજનું ઔષધ : નાગરવેલના પાનના રસ સાથે મધ મેળવી આંખમાં આંજવાથી દુખતી આંખોમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સંતને મળવા એક શેઠ આવ્યા. તેમને ફરિયાદ કરતા કહ્યું, 'આ દુનિયાની ઉપાધિઓ, ચિંતા, મુશ્કેલીઓથી કંટાળી ગયો છું. મારે બધું જ છોડીને શાંતિ મેળવવી છે. તો હું શું કરું ?' શેઠની વાત સાંભળી સંતે એક વાર્તા કહી. એમને કહ્યું, 'એક કૂવા પર રહેંટ ચાલતો હતો. ત્યાં એક ઘોડાગાડીવાળો ઘોડાને પાણી પાવા આવ્યો. પણ રહેંટના અવાજથી ભડકીને ઘોડો પાછો ખસવા લાગ્યો. પાણી પીવાની તરસ હોવા છતાં તે પાણીથી દૂર જતો હતો.' ઘોડાને ડરતો જોઈ તેના માલિકે રહેંટવાળા ને કહ્યું, 'ભાઈ, આ તમારા રહેંટના અવાજથી મારો ઘોડો ભડકે છે. રહેંટ જરા થોભાવો ને.' રહેંટવાળાએ રહેંટ થોભાવ્યું. એટલે અવાજ બંધ થયો પણ સાથે સાથે પાણી પણ આવતું બંધ થઈ ગયું. ઘોડાગાડી વાળો બોલ્યો. 'ભલા માણસ મારો ઘોડો તરસ્યો છે. મેં તને અવાજ બંધ કરવા કહ્યું અને તે તો પાણી પણ બંધ કરી દીધું. હવે ઘોડો શું પીશે ?' સંતે સેઠને પૂછ્યું, 'આપ કહો, ઘોડાને પાણી આપવા સું કરવું જોઈએ ??' શેઠે કહ્યું, 'રહેંટ ચાતે તો અવાજ તો થાય જ પણ ઘોડાને અવાજ સાથે પાણી પીવડાવવા માટે તેને પુચકારવો પડે, પંપાળવો પડે થાબડવો પડે તો ઘોડોને પાણી મળે.' સંતે શેઠને કહ્યું, 'તમે જે વાત રહેંટના અવાજ અને ઘોડા માટે કરી એ જ વાત જીવન સાથે પણ લાગુ પડે છે. જીવનમાં સુખ, શાંતિ, પ્રેમ અને માંગલ્યનો અનુભવ તમારે વિશ્વના આ બધા કોલાહલ અને ઉપાધિઓ વચ્ચે જ કરવાનો છે. તમે ગમે ત્યાં જાઓ. જગતની ઉપાધિઓ નડવાની. અશાંતિ દુઃખ, ચિંતાઓ તમને બધાં જ સ્થળે થવાના છે એ કદી તમારો પીછો કદી છોડવાના નથી.' પ્રતિકૂળ સંજોગો, ચિંતા, ઉપાધિ એ તો માનવીનું ઘડતર કરે છે. તમારે એમને વધાવ્યે જ છૂટકો છે.

મંદી સામે કેન્દ્ર સરકારે ખોલ્યો મોર્ચો

તંત્રીસ્થાનેથી...

દેશના આર્થિક નિષ્ણાતોએ થોડા સમય અગાઉ ચેતવણી ઉચ્ચારી હતી કે દેશમાં ભયાનક મંદી આવી રહી છે. આ વાતને અલબત્ત કેન્દ્ર સરકારે સીધી રીતે તો નહોતી સ્વીકારી પરંતુ હવે આડકતરી રીતે સ્વીકારી છે. જો કે સકારાત્મક વાત એ પણ છે કે વાત સ્વીકારવા સાથે મંદી સામે લડવા માટે પગલાં પણ સરકારે ભરી દીધાં છે.

કેન્દ્ર સરકારે માંદા પડેલા રિયલ એસ્ટેટ સેક્ટરને ઊભું કરવા માટે જંગી મૂડીસહાયની જાહેરાત કરી છે. બુધવારે કેન્દ્રીય મંત્રીમંડળની જાહેરાત બાદ નાણાંમંત્રી નિર્મલા સીતારામને પ્રેસ કોન્ફરન્સમાં એવી સત્તાવાર જાહેરાત કરી છે કે રિયલ એસ્ટેટ સેક્ટરની નાણાંભીડને દૂર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કુલ ૨૫ હજાર કરોડ રૂપિયા આપવામાં આવશે. આ માટે કેબિનેટે ૩.૧૦ હજાર કરોડના સ્પેશિયલ ફંડને મંજૂરી પણ આપી દીધી છે.

તેમણે આ અંગેની માહિતી આપતાં વધુમાં એમ પણ જણાવ્યું હતું કે સરકાર એક વિશેષ ફંડ બનાવી રહી છે જેમાં સરકાર પોતે ૧૦ હજાર કરોડ રૂપિયાનું યોગદાન આપશે. આ ફંડ કુલ ૨૫ હજાર કરોડનું હશે, જે માટે શરૂઆતની મદદ એલઆઈસી અને એસબીઆઈ દ્વારા પૂરી પાડવામાં આવશે. આ ફંડમાં અન્ય ઘણી સંસ્થાઓ જોડાશે અને કુલ મળીને ફંડ ૨૫ હજાર કરોડનું બનાવવામાં આવશે. ભવિષ્યમાં આ વિશેષ ફંડનું કદ વધારવામાં પણ આવી શકે છે. ફંડથી ઍનપીએ થયેલા રિયલ્ટી પ્રૉજેક્ટને લાભ મળશે.

આ સ્પેશિયલ ફંડ દ્વારા એકાઉન્ટમાં રૂપિયા જમા કરીને અધવચ્ચે અટકી પડેલા પ્રૉજેક્ટ્સને લાભ આપવાનું સરકારનું આયોજન છે. શરૂઆતમાં આ એકાઉન્ટની જવાબદારી ઍસબીઆઈ સંભાળશે અને તે જ તેનું સંચાલન કરશે.

રેરામાં જે કોઈ પણ બાકી પ્રૉજેક્ટ્સ છે તેમને એક પ્રૉફેશનલ ઍપ્રોચ હેઠળ મદદ પૂરી પાડવામાં આવશે. જે પ્રૉજેક્ટનું કામ ૩૦ ટકા જેટલું અધૂરું છે તેમને પ્રૉજેક્ટ પૂર્ણ ન થાય ત્યાં સુધી સહાય કરવામાં આવશે જેથી ગ્રાહકોને ઝડપથી તેમનાં મકાનનો કબજો આપી શકાય. આવા પ્રૉજેક્ટ ઍનપીએ તરીકે વર્ગીકૃત કરાયા હશે તો પણ તેમને આ સહાય પૂરી પાડવામાં આવશે. જો કંપની ફડચામાં જઈ રહી હશે તો તેને આ ફંડમાંથી મદદ મળી શકશે નહીં. નાણાંમંત્રીએ એ પણ સ્પષ્ટતા કરી છે કે જે કોઈ ડેવલપરનો એક પ્રોજેક્ટ શરૂ થઈ ચૂક્યો છે પરંતુ બાંધકામ પૂર્ણ થઈ શક્યું નથી તો તેને આર્થિક મદદ મળશે પરંતુ જે પ્રોજેક્ટ હજુ શરૂ જ થયો નથી તે માટે સહાય મળી શકશે નહીં.

નાણાંમંત્રીએ સ્વીકાર્યું કે ઘણા ખરીદારોએ સરકાર સમક્ષ રજૂઆતો કરી હતી કે ઍડવાન્સ પેમેન્ટ મળ્યા બાદ તેમને મકાનનું પઝેશન નથી મળી રહ્યું. મંત્રાલયના આંકડાઓ મુજબ મંદીની અસર એટલી વિકરાળ છે કે દેશમાં ૧૬૦૦થી વધારે હાઉસિંગ પ્રૉજેક્ટ અટકી પડ્યા છે અને ૪.૫૮ લાખ હાઉસિંગ યુનિટનું કામકાજ અટકી પડ્યું છે.

છેલ્લા બે માસમાં અસરગ્રસ્ત ગ્રાહકો અને બેન્કો સાથે કેન્દ્ર સરકારે તબક્કાવાર બેઠકો યોજી હતી. અંતિમ બેઠકમાં રિઝર્વ બેન્કના ગવર્નર પણ ઉપસ્થિત રહ્યા હતા જેમણે ગ્રાહકોનું હિત સાચવવા માટે વિવિધ ઉપાયોનું સૂચન કેન્દ્ર સરકાર સમક્ષ કર્યું હતું. એ સૂચનોને આધારે હવે કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો છે.

કેન્દ્ર સરકારની શરૂઆત સારી છે. આ જ રીતે ધીમા અને મક્કમ પગલાંની જરૂર આવનારા સમયમાં પડશે કારણ કે હજુ તો એક સેક્ટરને મંદીમાંથી ઉગારવાની વિચારણા થઈ છે, બીજાં ઘણાં સેક્ટર્સ હજુ બાકી છે.

હું કોઈને પણ, કયારેય માફ કરતો નથી

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

પાંચ સ્વર્ગીય દેવવૃક્ષો છે. એમાંનું એક સંનાચક છે. એનાં પુષ્પોની સુગંધ મનમોહક હોય છે. એક વિદ્યાધરની બાલિકાએ આની માળા બનાવી, ગળામાં પહેરી, રસ્તે નિકળી. રસ્તામાં એને મહર્ષિ દુર્વાસા મળી ગયા. એને આ માળાની સુગંધ ગમી ગઈ. એટલે વિદ્યાધર કન્યાએ મહર્ષિને પ્રણામ કર્યા અને માળા આપી દીધી. ઋષિ પ્રસન્ન થયા. એને આશીર્વાદ આપ્યા. માળા પોતાના કંઠમાં પહેરી લીધી.

માર્ગમાં દુર્વાસાને ઈન્દ્ર મળી ગયા. એ હાથી ઐરાવત ઉપર હતા. દુર્વાસાએ હોંશભેર આ માળા ઈન્દ્રને આપી. ઈન્દ્રે રાજી થઈને માળા હાથીને મસ્તકે મૂકી. સુગંધથી મત્ત બનેલા હાથીએ માળા ઉછાળી. માળા હાથીના પગમાં કચડાઈ ગઈ.

હાથી તો અંતે પ્રાણી છે; પરંતુ ઈન્દ્રે આવું ન કરાય. દુર્વાસા તો ભગવાન શિવના અંશાવતાર હતા. શિવ તો આશુતોષ. તરત ગુસ્સે થઈ જાય. દુર્વાસામાં એનો આ ગુણ હતો. એ તરત ગુસ્સે થઈ ગયા. એણે શાપ આપી દીધો. 'તારા વૈભવ અને ઐશ્વર્ય નાશ પામી જાવ.' ઈન્દ્ર હાથી ઉપરથી નીચે ઊતર્યા. પ્રણાણ કરીને માફી માંગી.

દુર્વાસાએ કહ્યું, 'હું ક્ષમા આપવામાં માનતો નથી. હું કયારેય પણ, કોઈને પણ માફી આપતો નથી. હું રોષનું સાક્ષાત્ સ્વરુપ છું. વસિષ્ઠ, ગૌતમ વગેરે તારા નકામા વખાણ કરે છે. એથી તને પ્રશંસાનો કેફ ચડ્યો છે. તને ઘમંડ આવી ગયું છે. તારી સાન ઠેકાણે લાવવાની છે.' શાપને કારણે દેવો શ્રીહિન થઈ ગયા, નિસ્તેજ અને નિર્વીય થઈ ગયા. લક્ષ્મી જતી રહી. દાનવોએ તક ઝડપી લીધી. એમણે દેવો ઉપર વિજય મેળવી લીધો અને સ્વર્ગ ઉપર અધિકાર સ્થાપી દીધો.

ભૃગુ ઋષિ બ્રહ્માના માનસપુત્ર હતા. ખ્યાતિ -દક્ષ પ્રજાપતિની કન્યા હતી. ભૃગુ અને ખ્યાતિનાં લગ્ન થયા હતા. એમને ત્રણ સંતાનો હતા; અનુક્રમે - ધાતા, વિધાતા અને લક્ષ્મી. આ રીતે લક્ષ્મીને દિવ્યતા તો વારસામાં જ મળી હતી.

ભગવતી લક્ષ્મીનો પ્રાદુર્ભાવ કારતક સુદ દશમે હતો. આ તિથિ 'મહાલક્ષ્મી જયંતિ' તરીકે ઓળખ પામી.

નિરાશ થયેલા દેવોએ ભગવાન વિષ્ણુનું શરણ લીધું. એમણે સમુદ્ર મંથનનો ઉપાય બતાવ્યો. સમુદ્રમાંથી ચૌદ રત્નો નિકળ્યા. એમાં એક લક્ષ્મી હતા. ભગવતી લક્ષ્મી સમુદ્રમાંથી પ્રગટ્યા. ઋષિઓએ શ્રીસૂક્ત દ્વારા એમની સ્તુતિ કરી. ગંગા વગેરે પવિત્ર નદીઓ હાજર થઈ. દિગ્ગજો સુવર્ણ કળશોમાં તીર્થજળ લઈ આવ્યા. લક્ષ્મીજીને પવિત્ર સ્નાન કરાવ્યું. સાગરે દિવ્ય કમળની માળા પહેરાવી. વિશ્વકર્માએ આભૂષણોથી એમને અલંકૃત કર્યા લક્ષ્મીજીએ સ્વેચ્છાએ ભગવાન વિષ્ણુને પતિ તરીકે સ્વીકારી લીધા. હવે દેવોને શ્રી, વૈભવ, ઐશ્વર્ય બધું આવી ગયું. સમુદ્રમાંથી અમૃત નિકળ્યું. એણે કારણે દેવો સમર્થ અને શક્તિસંપન્ન બન્યા. દાનવોને પરાજિત કરી શક્યા.

દેવરાજ ઈન્દ્રએ ભગવતી મહાલક્ષ્મીની સ્તુતિ કરી - 'તમે સમગ્ર લોકની જનની છો. તમારાથી ત્રણેય લોક પવિત્ર છે. તમારા જવાથી ત્રણેય લોક સત્ત્વવિહીન હતા, હવે સાત્ત્વિક બન્યા છે. મનુષ્યને સ્ત્રી, સંતાન, ધન, ધાન્ય, સુહૃદ; - બધું તમારી કૃપાથી મળે છે. તમારી કૃપાથી જ આરોગ્ય અને ઐશ્વર્ય, સુખ અને શાંતિ મળે છે. તમે સદા અમારી સાથે રહો. અમારા કોશ, પશુવાળા, ગૃહ, શરીર, પરિવાર - તમે કયારેય છોડો નહીં. તમે જે મનુષ્યને છોડી દો છો; એ સત્ત્વ, સત્ય, શૌચ, શીલ વગેરેથી દૂર થઈ જાય છે. મારા પર સદા પ્રસન્ન રહો.'

ઈન્દ્રની સ્તુતિ સાંભળીને ભગવતીએ આશ્વાસન આપ્યું - 'જે કોઈ મનુષ્ય આ સ્તુતિ મને કરશે, તેનાથી હું કયારેય વિમુખ નહિં થાઉં, હું તારા ઉપર પ્રસન્ન છું.

ભગવતીએ દેવરાજની વિદાય લીધી અને એ ભગવાન વિષ્ણુ પાસે પહોંચી ગયા.

વિક્રમશીલા વિશ્વ વિદ્યાલયની સ્થાપના કોણે કરી હતી ?

ખજાનો

અનિલ પટેલ

વિશ્વનો ઈતિહાસ

૧ સ્વતંત્ર અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ કોણ હતા ?
(અ) જયોર્જ વોશિંગ્ટન (બ) જહોન એડમ
(ક) વુડરો વિલ્સન (ડ) થોમસ જેફરસન

૨ શેખ મુજીબુર રહેમાન કયા દેશના રાષ્ટ્રપિતા હતા ?
(અ) પાકિસ્તાન (બ) અફઘાનિસ્તાન
(ક) ઈરાન (ડ) બાંગ્લાદેશ

૩ નેલ્શન મંડેલા કયા રાષ્ટ્રના પ્રથમ પ્રમુખ હતા ?
(અ) કેન્યા (બ) નાઈજીરીયા
(ક) ઈજીપ્ત (ડ) દ.આફ્રિકા

૪ ઈસુ ખ્રિસ્તનો જન્મ કયા શહેરમાં થયો હતો ?
(અ) જેરૂસલેમ (બ) બેથલેહમ
(ક) રોમ (ડ) વેટીકન

૫ ઈ.સ. ૧૬૪૨માં ઈંગ્લેન્ડમાં શરૂ થયેલું ગૃહયુદ્ધ કેટલા વર્ષ ચાલ્યું હતું ?
(અ) ત્રણ વર્ષ (બ) ચાર વર્ષ
(ક) પાંચ વર્ષ (ડ) સાત વર્ષ

૬ હિટલર જર્મનીનો વડાપ્રધાન કયારે બન્યો હતો ?
(અ) ૧૯૨૮ (બ) ૧૯૩૦
(ક) ૧૯૩૩ (ડ) ૧૯૪૦

૭ રાજકુમાર ફ્રાન્સિસ ફર્ડિનાન્ડ જેમની બોસ્નીયાની રાજધાની સારાજવામાં હત્યા થઈ જેના કારણે પ્રથમ વિશ્વ યુદ્ધ થયું. આ રાજકુમાર કયા દેશના હતા ?
(અ) ઓસ્ટ્રિયા (બ) જર્મની
(ક) ફ્રાન્સ (ડ) અમેરિકા

૮ હજરત મહંમદ પયંગબરનો જન્મ મક્કામાં કઈ સાલમાં થયો હતો ?
(અ) ઈ.સ. ૫૫૦ (બ) ઈ.સ. ૫૬૦
(ક) ઈ.સ. ૫૭૦ (ડ) ઈ.સ. ૫૮૦

૯ અમેરિકાને પૂર્ણ સ્વતંત્રતા કયારે મળી ?
(અ) ૪ જુલાઈ, ૧૭૭૦ (બ) ૪ જુલાઈ, ૧૭૭૬
(ક) ૪ ડિસેમ્બર, ૧૭૯૦ (ડ) ૪ ડિસેમ્બર, ૧૭૯૫

૧૦ કયા દેશે પોલેન્ડ પર હુમલો કર્યો જેના કારણે બીજું વિશ્વ યુદ્ધ થયું ?
(અ) ફ્રાન્સ (બ) ઈંગ્લેન્ડ
(ક) જર્મની (ડ) ઈટલી

૧૧ ફ્રાન્સ ક્રાંતિ દરમિયાન બેસ્ટાઈલના કિલ્લાનું પતન કયારે થયું ?
(અ) ૧૪ જુલાઈ ૧૭૮૯ (બ) ૨૧ જાન્યુઆરી, ૧૭૯૩
(ક) ૪ જુલાઈ, ૧૭૭૬ (ડ) ૮ ઓગસ્ટ, ૧૭૭૫

૧૨ 'વ્લાડિમિર ઈલિક ઉત્પાનોવ' કયા નામે જાણીતા હતા ?
(અ) સ્ટાલીન (બ) લેનીન
(ક) હીટલર (ડ) મુસોલીન

૧૩ વિક્રમશીલા વિશ્વ વિદ્યાલયની સ્થાપના કોણે કરી હતી ?
(અ) ચાણક્યે (બ) ચંદ્રગુપ્તે
(ક) ધર્મપાલે (ડ) હર્ષવર્ધને

૧૪ રાણી વિકટોરિયાનું અવસાન કયારે થયું હતું ?
(અ) ઈ.સ. ૧૯૦૧ (બ) ઈ.સ. ૧૯૦૯
(ક) ઈ.સ. ૧૯૧૭ (ડ) ઈ.સ. ૧૯૧૯

૧૫ સેન્ટ હેલેના ટાપુ પર કોને કેદ કરીને મોકલી દેવામાં આવ્યો હતો ?
(અ) નેપોલીયનને (બ) મુસોલીનને
(ક) લેનીનને (ડ) કાર્લ માર્કસને

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૮ નવેમ્બર : ઈન્ટરનેશનલ ડે ઓફ રેડિયોલોજી**
- ફ્રાન્સના પ્રતિભાવંત નારી મદામ રોલાંનું નિધન (૧૭૯૩)
- માઈક્રોચીપના સહશોધક જેક સેંટ કલેર કિલ્લીનો જન્મદિવસ (૧૯૨૩)
- લાલકૃષ્ણ અડવાણીનો જન્મદિવસ (૧૯૨૭)
- લોકપ્રિય સિંગર ઉષા ઉત્થુપનો જન્મદિવસ (૧૯૪૭)
- **૯ નવેમ્બર : રાષ્ટ્રીય ન્યાયિક દિવસ / ઉત્તરાંચલનો સ્થાપના દિવસ**
- મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ એવા શ્રીમદ્ રાજચંદ્રનો જન્મદિવસ (૧૮૬૭)
- વૈજ્ઞાનિક હરગોવિંદ ખુરાનાનું નિધન (૨૦૧૧)
- સ્ત્રી કેળવણીના જનક ધોંડો કેશવ કર્વેદાદાની પુણ્યતિથિ (૧૯૬૨)
- પૂર્વ રાષ્ટ્રપતિ કે. આર. નારાયણનની પુણ્યતિથિ (૨૦૦૫)
- **૧૦ નવેમ્બર : વન પ્રકૃતિ દિવસ**
- જર્મન સુધારક માર્ટિલ ન્યૂથરકિંગનો જન્મદિવસ (૧૪૮૩)
- સાહિત્યકાર વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીનું નિધન (૧૯૯૧)
- સુરેન્દ્રનાથ બેનરજીની જન્મજયંતિ (૧૮૪૮)
- શિવાજી મહારાજે વાઘના નખ વડે અફઝલખાનનો વધ કર્યો (૧૬૫૯)
- **૧૧ નવેમ્બર : રાષ્ટ્રિય શિક્ષણ દિન**
- અમેરિકન મનોવૈજ્ઞાનિક ગોર્ડન વિલાર્ડ ઓલપોર્ટનો જન્મદિવસ (૧૮૯૭)
- મૌલાના અબ્દુલ કલામ આઝાદનો જન્મદિવસ (૧૮૮૮)
- વિરાંગના રાણી લક્ષ્મીબાઈનો જન્મદિવસ (૧૮૩૫)
- કેળવણીકાર અને ગાંધીવાદી એવા નાનાભાઈ ભટ્ટનો જન્મદિવસ (૧૮૮૨)
- **૧૨ નવેમ્બર : રાષ્ટ્રીય પક્ષી દિવસ**
- બનારસ હિંદુ યુનિવર્સિટીના સ્થાપક મદનમોહન માલવિયાની પુણ્યતિથિ (૧૯૪૬)
- ભારતના પ્રથમ ગુજરાતી પક્ષીવિદ સલીમ અલીનો જન્મદિવસ (૧૮૯૬)
- સર્જરી વખતે બેહોશ કરવા માટેની દવા કલોરોફોર્મ પ્રથમ વખત જાહેરમાં મુકાઈ (૧૮૪૧)
- અહિંસક સત્યાગ્રહના સેનાપતિ પાંડુરંગ મહાદેવ બોપટની જન્મજંયતિ (૧૮૮૦)
- **૧૩ નવેમ્બર : વર્લ્ડ કાઈન્ડનેશ જે**
- રણજિતરામ સુવર્ણ ચંદ્રક વિજેતા સાહિત્યકાર મકરંદ દવેનો જન્મદિવસ (૧૯૨૨)
- પ્રખર જયોતિષ અને ખગોળવિંદ ભાસ્કરાચાર્યનો જન્મદિવસ (૧૧૮૩)
- ફિલ્મ જગતની હિરોઈન જુહી ચાલવાનો જન્મદિવસ (૧૯૬૭)
- ઉત્તર કોલંબીયામાં ફાટેલા જવાળામુખીએ ચાર શહેરોને ભરડામાં લીધા (૧૯૮૫)
- **૧૪ નવેમ્બર : બાલ દિન**
- ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુનો જન્મદિવસ (૧૮૮૯)
- સમાજ સુધારક રાજારામ મોહનરાય 'આલ્બિયન' જહાજ દ્વારા કલકત્તાથી ઈંગ્લેન્ડ જવા નીકળ્યા (૧૮૩૦)
- સાહિત્યકાર દિલીપ રાણપુરાની જન્મજયંતિ (૧૯૩૨)
- ગાંધીજીના હત્યારા ગોપાલકૃષ્ણ ગોડસેને ફાંસીની સજા અપાઈ (૧૯૪૯)

ગત સપ્તાહના સવાલનો જવાબ

'જનનાયક જનતા પાર્ટી'ની સ્થાપના કોણે કરી ? જવાબ : ૨૦૧૮માં દુષ્યંત ચૌટાલા અને અજીત ચૌટાલાએ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૬) જયેન્દ્રપ્રસાદ પાઠક :૬૨૦/૧, સે-૬બી (૭) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ (૮) આકાશ જી. પટેલ : સરગાસણ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

ફાયર બ્રાન્ડ નેતા સંજય રાઉત કયા રાજકીય પક્ષના નેતા છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

મજબૂત આદત સે મજબૂર !

હળવે હૈયે

પ્રકાશ લાલા

રસ્તે ચાલતાં મળી ગયેલા એક ભાઈએ, અમને પગે લંગડાતા ચાલતા જોઈ પૂછ્યું : 'કેમ, આમ ? શું થયું ?'

'ઘૂંટણનો ઘસારો...'

'ઓહ ! એટલે કિલોમીટર પૂરા થયા.... સ્પેર પાર્ટસ બદલાવવા પડશે, ખરું ને ?'

પહેલા ધડાકે તો એ ભાઈની આવી 'કોમેન્ટ' થી ઘૂંટની સાથે માથામાંય દુખ્યું પ પછી ખ્યાલ આવ્યો કે એ ભાઈનું 'ઓટોમોબાઈલ ગેરેજ' છે... એમની પાસે રીપેરીંગ માટે આવતાં વાહનો જોઈને જે બોલતા હોય એવું જ અમારા કિસ્સામાં એમનાથી બોલાઈ ગયું હશે ? આદત સે મજબૂર બિચારા !!

દિવાળી પછી અચાનક મળી ગયેલા એક પરિચિતને 'હેપ્પી ન્યૂ ઈયર નવા વર્ષની શુભેચ્છાઓ' અમે કહ્યું ને વિવેક કર્યો : 'નવા વર્ષમાં ભાભીને લઈને ઘરે આવજો...'

'ભલે... ફાઈલ મૂકી જોઈશ...' એમણે કહ્યું.

'હેં ? એટલે ?' એમને એના જવાબથી નવાઈ લાગી...

'એટલે એમ કે વાઈફને પૂછી જોઈશ... એ હા કહેશે તો અમે ચોક્કસ આવીશું તમારે ત્યાં....' એમણે સ્પષ્ટતા કરી.

અમને ય પછી ખ્યાલ આવ્યો કે સંનિષ્ઠ સરકારી કર્મચારી એવા એ ભાઈની કચેરીની ભાષામાં બોલાઈ ગયું હતું... ઓફિસમાં સાહેબને 'મંજૂરી અર્થે' ફાઈલ મૂકતા હોય એટલે આમાં પણ પત્નીને પૂછી જોઈશ ને બદલે 'ફાઈલ મૂકી જોઈશ' કહેવાઈ ગયું હશે એમનાથી...

હોય, આદતનું આવું જ જોર હોય છે... ઘણાંને વાત કરતાં કરતાં વચ્ચે વચ્ચે 'સમજ્યા ને? ...' કે 'શું સમજ્યા ?' કહેવાની ટેવ હોય છે.... તેથી એ બિરાદર કે મુરબ્બપી આપણને 'મ.બુ.' યાને કે 'મંદબુદ્ધિ' ના સજ્જીને વારંવાર એ કહી રહ્યા છે ને તે આપણે 'સમજ્યાને' કે 'શુ સમજ્યા?' કહી ચકાસી રહ્યા છે એમ હરગિજ ન માની લેવું અને માઠું ન લગાડી બેસવું... હા, વાતવાતમાં 'સમજ્યા ને?' બોલવાની ટેવ એ ભાઈને કદાચ એમના પ.પૂ. પિતાજી તરફથી વારસામાં મળી હોય. એમના પ.બપૂ. પિતાશ્રી તેના આ ચિરંજીવીમાં 'સા.બુ.' કહેતાં 'સામાન્ય બુદ્ધિ' નું ઓછું પ્રમાણ ધ્યાને લઈને એમની સાથે વાત કરતા કરતાં વચ્ચે વચ્ચે 'સમજ્યો ને?' પૂછતા હશે... ને બાપાની આ ટેવ બેટામાં ઉતરી આવી હોવાની સંભાવના નકારી ન શકાય... (આ અમારું મૌલિક સંશોધન છે!!)

'સમજ્યા ?', 'શું સમજ્યા ?', 'ઓ.કે.', 'એટલે જ ને...', 'બરાબર ?', જેવા શબ્દો પોતાની વાતચીત દરમિયાન દરેક વાક્યને અંતે બોલાઈ જવા એ માત્ર ને માત્ર આદતવશ જ હોય છે... એટલે એનો સાદો કે ગહન અર્થ કાઢવાની માથાકૂટમાં પડવાની કોઈ જરૂર નથી હોતી... હા, એ ભાઈ સમગ્ર વાતચીત દરમિયાન કેટલીયવાર એવા શબ્દો બોલ્યા એની મનોમન ગણતરી કરી આનંદ માણી શકીએ પણ પેલા ભાઈ - ખરાબ-માઠું લાગી જાય એવા હાસ્ય કે ભાવ વિના... હોં ! નહીં તો પછી 'તમારા મનમાં તમે શું સમજો છો ?' જાતને બહુ હોંશિયાર માનો છો ?' જેવા વાક્બાણો સાથે એ ભાઈ ઝઘડો કરી શકે છે... માટે સાવધાન...

ભાડાના મકાનમાં, ઉપરના માળે રહેતો એક ફક્કડ ગિરધારી યુવાન રોજ રાત્રે મોડો ઘરમાં આવે... આવીને પોતાના બુટ એક પછી એક કાઢી, હવામાં ઉછાળે... જે ફર્શ ઉપર 'ધબ' અવાજ સાથે પછડાય... એ સાંભળવાની યુવાનને મજા આવે.... પછી એ તો પહેરેલે કપડે જ પલંગ પર લાંબો થઈ પડ્યો એવો સૂઈ જાય... એની આ રોજની ટેવ.... પણ તેની નીચે - ભોંયતળિયાના ઘરમાં રહેતા ભાઈની ઊંઘ રોજ રાત્રે બુટના 'ધબ' અવાજથી ઊડી જાય... ધીરે ધીરે એમને આદત પડી ગઈ કે પહેલો બુટ પડવાથી 'ધબ' અવાજે એમનો નિંદ્રાભંગ થાય... પછી એ બીજા બૂટના 'ધબ' અવાજની રાહ જુએ... એ સાંભળ્યા પછી જ પાછા સુવે... એમને ઊંઘ આવે...

ઉપરવાળા યુવાનની આવી ટેવ વિશે આ નીચેવાળા ભાઈ કેટલીયવાર ફરિયાદેય કરેલી કે 'અલ્યા, રાત્રે બાર-સાડાબારે આવા અવાજ કરે છે તો બીજાની ઊંઘનો વિચાર કર તો હોય તો, ભાઈ ?'

એક વાર એવું બન્યું કે રોજની આદત મુજબ ઉપરવાળા યુવાને મોડા રાત્રે ઘરે આવી, એક બુટ ઉછાળ્યો.... 'ધબ' થઈ એ ફ્લોર પર પછડાયો.... હજી બીજો બુટ કાઢી ઉછાળે ત્યાં એને નીચેવાળા ભાઈની તકલીફ - ફરિયાદ યાદ આવી... એટલે એ ડિસ્ટર્બ ન થાય માટે બીજો બુટ હળવેથી નીચે ફ્લોર મૂકી દીધો ને સૂઈ ગયો... પણ પેલા ભોંયતળિયા વાળા ભાઈ આદત સે મજબૂર પહેલા 'ધબ' થી જાગી ગયા ને પછી હમણાં બીજો 'ધબ' અવાજ આવશે... ' ની રાહ જોતા આખી રાત જાગતા પડ્યા રહ્યા.

આ તો આદતની જોરની વાત છે. આપણી આદત કદાચ આપણને ન નડે કે નડે તો ખ્યાલ ન આવે પણ સામેવાળાને તકલીફ આપતી હોય છે... નસકોરાં બોલાવનાર મોજથ